પાંચમા ધોરણ માટે

* મુખગણિત શિક્ષક *

ભાગ ૬.

Reg. No. 179



221

થોડા વખતમાં ખરૂં લખતાં વાંચતાં

શીખવું હોય તો "ડિકટેશન શિક્ષક" ખરીદો.

છગનલાલ મોતીરામ શાહ.

ઠેકાણું-શાહપોર સુરત.

કિંમત રૂા ૦ ૪-૦ પોસ્ટેજ જુદું.

દેશી રાજ્યોમાં ટેક્સ્ટ બુકસ, ઇનામ અને લાયબ્રેરી માટે
મંજુર થએલો અને કેળવણી ખાતના અધિકારી સાહેબો
તેમજ વિદ્વાન સદ્‌ગૃહસ્થોના ઉત્તમ સર્ટિફિકેટ પામેલો

—: પાંચમા ધોરણનો :—

મુખગણિત શિક્ષક ભાગ ૬.

૮ ના ગુણોત્તરની સંપૂર્ણ નોંધ સાથે, તમામ ગુણો-
ત્તરના લેખાં ફક્ત ત્રણજ રીતથી ગણી શકાય
એવી નવીન સરળ યુક્તિવાળો.

રચનારઃ—છગનલાલ મોતીરામ શાહ.
" ડિકટેશન શિક્ષક " વગેરેના કર્તા.
રચનારનું ઠેકાણું:—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—છગનલાલ મોતીરામ શાહ.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર-સુરત.

સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી 'અનાવિલ'
પ્રિન્ટીંગ પ્રેસમાં રઘુભાઈ લલ્લુભાઈ દેશાઈએ છાપ્યું.

આવૃતિ ૭ મી] [પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૮૦] કિંમત રૂ. ૦-૪-૦ પોસ્ટેજ જુદું [૧૯૨૪.

[redacted] હિંદુસ્તાનની સામાન્ય ભૂગોળની પ્રશ્નોત્તરમાળામાં શું શું છે? [redacted]

દેશની વ્યાખ્યા, હિંદુસ્તાનની પાછલી હકીકત તથા નામ પડવાનું કારણ, સીમા, વિસ્તાર, કુદરતી ભાગો, હિંદમાં કેટલી તરેહનાં રાજ્યો છે તે, તથા તેનું ક્ષેત્રફળ, બ્રિટિશ હિંદના રાજકીય ભાગ, દેશી સ્વતંત્ર રાજ્યો, પરદેશી સ્વતંત્ર રાજ્યો, દેશી ખંડીઆ રાજ્યો, પર્વતો, જવા આવવાના માર્ગ (ઘાટ), પર્વતનાં શિખરો, હવા ખાવાનાં સ્થળો, મેદાનો, ઉચ્ચ પ્રદેશ, ખીણો, રણ, નદીઓ, નદીઓ વિષે વિશેષ હકીકત, નદીની શાખાઓ, પવિત્ર નદીઓ, દોઆબ, નદીઓનાં મૂળ; ઉત્તરમાંથી, દક્ષિણમાંથી. પૂર્વમાંથી અને પશ્ચિમમાંથી નીકળતી નદીઓ; જળક્ષેપ પ્રદેશ, કિનારા, બંદરો, ભૂશિરો, સમુદ્ર, અખાત, ઉપસાગર, સામુદ્રધુનીઓ, બેટો, દ્વીપકલ્પ, સરોવર, જાત્રાનાં ઠેકાણાં, જૈન, પારસી, મુસલમાન ને શીખનાં જાત્રાનાં સ્થળ. ચારે દિશામાં આવેલાં જાત્રાનાં સ્થળ. રણક્ષેત્રો, છાવણીઓ, આબોહવા, હવા ને તેની લોકોપર તથા ઝાડપર અસર. તાપ, ટાઢ. વરસાદ. મુખ્ય પેદાશ, ખેતીની પેદાશ, વનસ્પતિ પેદાશ, ખનીજ પેદાશ, પ્રાણી પેદાશ, પ્રાણીઓ, મુખ્ય ધંધા, મુખ્ય ઉદ્યોગ, વેપાર, આયાત, નિકાસ. રેલ્વે, આગબોટના રસ્તા, વસ્તી, ભાષા, ધર્મો, હુન્નર, રાજ્ય વ્યવસ્થા, ગવર્નરો તથા લેફ્ટેનંટ ગવર્નરોની દેખરેખ નીચેનાં દેશી રાજ્યો. રજપુત, મરેઠી, મુસલમાની, શીખ, ને જાટ લોકોનાં રાજ્યો. ઉપજ, બરમા, અફઘાનિસ્તાન, યુનિવર્સિટી, ભૂતળ, મોટી સડકો, વાઇસરોયની દેખરેખ નીચેનાં રાજ્યો, દરેક રાજકીય ભાગમાં આવેલાં પ્રખ્યાત સ્થળો, પ્રખ્યાતિ સાથે; વિવિધ ફુટકળ પ્રશ્નો, પરીક્ષક પ્રશ્નો.

પ્રકરણ ૧.

મનોયત્ન ૧.

નીચેની સંખ્યાના ગુણોત્તર કાઢો.

રૂપીઓ : બે આની	રૂપીઓ : ૩ પાઇ	આનો : ૨ ઉપઆના
રૂપીઓ : ૧૨॥ દોકડા	રૂપીઓ : ૨૫ બદામ	આનો : ૧૨॥ બદામ
રૂપીઓ : ૧૦ સુ૦ પૈસા	રૂપીઓ : ૪ ઉપ આના	આનો : ૧૦ બદામ
રૂપીઓ : ૧૦ દોકડા	રૂપીઓ : ૨ પાઈ	આનો : ૦॥ સુ૦ પૈસો
રૂપીઓ : ૮ સુ૦ પૈસા	રૂપીઓ : ૧ દોકડો	આનો : ૧ પાઇ
રૂપીઓ : ૧૬ પાઈ	રૂપીઓ : ૧/૪ દોકડા	આનો : ૧ ઉપઆને
રૂપીઓ : ૧ આનો	રૂપીઓ : ૨/૩ સુ૦ પૈસા	આનો : ૬। બદામ
રૂપીઓ : ૬। દોકડા	રૂપીઓ : ૨/૧૫ આના	આનો : ૫ બદામ
રૂપીઓ : ૫ સુ૦ પૈસા	રૂપીઓ : ૫/૧૬ દોકડા	આનો : ૦। સુ૦ પૈસા
રૂપીઓ : ૫ દોકડા	રૂપીઓ : ૧/૩ સુ૦ પૈસા	આનો : ૦॥ પાઇ
રૂપીઓ : ૪ સુ૦ પૈસા	રૂપીઓ : ૧/૧૫ આના	આનો : ૮/૧૫ ઉપઆના
રૂપીઓ : ૮ પાઇ	રૂપીઓ : ૪/૫ પાઈ	આનો : ૧૦/૩ બદામ
રૂપીઓ : ૮/૧૫ આના	રૂપીઓ : ૧ ઉપ આનો	આનો : ૦॥ ઉપઆનો
રૂપીઓ : ૮/૩ સુ૦ પૈસા	રૂપીઓ : ૦॥। પાઈ	આનો : ૨॥ બદામ
રૂપીઓ : ૧૦/૩ દોકડા	રૂપીઓ : ૫ બદામ	આનો : ૦। પાઇ
રૂપીઓ : ૬ પાઇ	રૂપીઓ : ૦। સુ૦ પૈસા	આનો : ૦। ઉપઆનો
રૂપીઓ : ૨॥ દોકડા	રૂપીઓ : ૨/૪૫ આના	આનો : ૨૫ વીસવાસી
રૂપીઓ : ૨ સુ૦ પૈસા	રૂપીઓ : ૨/૧૫ સુ૦ પૈસો	આનો : ૧/૮ પાઈ
રૂપીઓ : ૪ પાઇ	રૂપીઓ : ૧/૧૮ દોકડા	આનો : ૧ બદામ
રૂપીઓ : ૧ પૈસો	આનો : ૧ અધેલો	આનો : ૫/૪ બદામ

આનો	; ૨/૧૫ ઉપઆના	પૈંડ	: ૦॥। પેની	શેર	: ૪ ૩ ૦ ભાર
આનો	: ૫/૧૨ બદામ	પૈંડ	: ૮/૩ ફાર્થિંગ	મણ	: ૫ શેર
આનો	: ૧/૧૫ ઉપઆનો	શિલિંગ	: ૧॥ પેન્સ	મણ	: ૨॥ શેર
આનો	: ૧ ઉ૦ ઉ૦અ.	શિલિંગ	: ૬/૫ પેન્સ	મણ	: ૧॥ શેર
આનો	: વીવવાસી	શિલિંગ	: ૧ પેની	મણ	: શેર ૦॥=
આનો	: ૨/૪૫ ઉપઆના	શિલિંગ	: ૦॥। પેની	મણ	: શેર ૦।-
આનો	: ૫/૧૮ બદામ	શિલિંગ	: ૩/૫ પેની	મણ	: ૦। શેર
પૈંડ	: ૨॥ શિલિંગ	શિલિંગ	: ૨ ફાર્થિંગ	એકર	: ૨॥ ગુંઠા
પૈંડ	: ૨ શિલિંગ	શિલિંગ	: ૨/૫ પેની	એકર	: ૧॥ ગુંઠા
પૈંડ	: ૧ શિ. ૮પેન્સ	શિલિંગ	: ૧॥ ફાર્થિંગ	એકર	: ૧૦ આના
પૈંડ	: ૧॥ શિલિંગ	શિલિંગ	: ૩/૧૦ પેની	એકર	: ૨॥ આના
પૈંડ	: ૧ શિલિંગ	શિલિંગ	: ૧ ફાર્થિંગ	એકર	: ૪ ગુંઠા
પૈંડ	: ૧૦ પેન્સ	શિલિંગ	: ૦॥। ફાર્થિંગ	એકર	: ૨ આના
પૈંડ	: ૮ પેન્સ	શિલિંગ	: ૦॥ ફાર્થિંગ	માઇલ	: ફર્લાંગ
પૈંડ	: ૭॥ પેન્સ	શિલિંગ	: ૩/૨૫ પેની	માઇલ	: ૦॥ ફર્લાંગ
પૈંડ	: ૬ પેન્સ	શિલિંગ	: ૧/૧૦ પેની	માઇલ	: ૦। ફર્લાંગ
પૈંડ	: ૫ પેન્સ	શિલિંગ	: ૧/૨૦ પેની	માઇલ	: ૫ પેલ
પૈંડ	: ૩॥। પેન્સ	શિલિંગ	૩/૧૬ ફાર્થિંગ	માઇલિ	: ૧॥ પોલ
પૈંડ	: ૨॥ પેન્સ	શિલિંગ	: ૩/૮૦ પેની	માઇલ	. પોલ
પૈંડ	: ૧ ૨/૫ પેન્સ	શિલિંગ	: ૧/૩૦ પેની	ફર્લાંગ	: ૫ પોલ
પૈંડ	: ૨ પેન્સ	શેર	: નવટાંક	ફર્લાંગ	' ૨॥ પોલ
પૈંડ	: ૧ પેની	શેર	: અધોળ	ફર્લાંગ	: ૧॥ પોલ
પૈંડ	: ૩॥। ફાર્થિંગ	શેર	: ૧॥ રૂા. ભાર	રૂડ	: ૫ પોલ

૩ડ	: ૨।। પોલ
૩ડ	: ૧। પોલ
માણી	: ૧।। મણ
માણી	: ૦।।। મણ
માણી	: ૧૫ શેર
માણી	: ૭।। શેર
માણી	: શેર ૧।।।=
માણી	: ૪ શેર
માણી	: ૨ શેર
માણી	: ૧।। શેર
ગ્રોસ	: ૧।। ડઝન
ગ્રોસ	: ૦।।। ડઝન
ડઝન	: ૧।। નંગ
ડઝન	: ૦।।। નંગ
એપૉથીકરી તોલ	
પૌંડ	: ૧।। ઔંસ
પૌંડ	: ૦।।। ઔંસ
પૌંડ	: ૩ ડ્રામ
પૌંડ	: ૧।। ડ્રામ
ટ્રૉય વજનનું તોલ	
પૌંડ	: ૧।। ઔંસ
પૌંડ	: ૦।।। ઔંસ
પૌંડ	: ૭।। પેનીવેટ
પૌંડ	: ૩।।। પેનીવેટ

પૌંડ	: ૨।। ગ્રેન
પૌંડ	: ૨૪ પેનીવેટ
પૌંડ	: ૧ પેનીવેટ
પૌંડ	: ૧૮ ગ્રેન
તોલો	: ૦।।। મ સો
તોલો	: ૦।। માસો
તોલો	: વાલ
તોલો	૧। રતી
વર્ષ	: ૧।। માસ
વર્ષ	: ૦।।। માસ
વર્ષ	: ૩૬ દિવસ
વર્ષ	: ૧।। દિવસ
ફુટ	: ૧।। ઇંચ
ફુટ	: ૦।।। ઇંચ
કળશી	: ૨ મણ
કળશી	: મણ
કળશી	: ૦।। મણ
કળશી	: ૦। મણ
કળશી	: ૨।। શેર
કળશી	: ૨ શેર
કળશી	: ૧।।મણ૪શેર
ગદિઆણો	: ૨ વાલ
ગદિઆણો	: વાલ
ગદિઆણો	: ૦।। વાલ
ગદિઆણો	: ૦।।। રતી

એવોર્ડુપોઇ વજનનું	
પૌંડ	: ૨ ઔંસ
પૌંડ	: ઔંસ
પૌંડ	: ૦।। ઔંસ
પૌંડ	: ૦। ઔંસ
પૌંડ	: ૧ ડ્રામ
ફરો	: ૨ પાયલી
ફરો	: પાયલી
ફરો	: ૦।। પાયલી
ફરો	: ૦। પાયલી
ફરો	: ૦। શેર
ખાંડી	: ૨।। મણ
ખાંડી	: ૧। મણ
ખાંડી	: ૨૫ શેર
ખાંડી	: ૧૨।। શેર
ખાંડી	: શેર ૩)=
ખાંડી	: ૨ મણ
ખાંડી	: ૨।। શેર
ખાંડી	: ૨ શેર
ખાંડી	: ૩ મણ
ભાર	: ૧।। ધડી

ભાર	: ૧ા મણ	રીમ	: ૨ તાવ	સેંકડો	: ૬ા નંગ
ભાર	: ૦ાા મણ	રીમ	: ૧ાા તાવ	સેંકડો	: ૧૦ નંગ
ભાર	: ૧૫ શેર	ગજ	: ૩ તસુ	હજાર	: ૧૨૫ નંગ
ભાર	: ૩ાા શેર	ગજ	: ૧ાા તસુ	હજાર	: ૬૨ાા નંગ
ભાર	: ૨ ધડી	ગજ	: ૦ાા તસુ	હજાર	: ૩૧ા નંગ
ભાર	: ૪ શેર	ગજ	: ૦ાા આંગળ	હજાર	: સેંકડો
ભાર	: ૩ શેર	વીંધુ	: ૨ાા વસા	ગાંસડી	: ૧ા રીમ
ટાંક	: ૩ રતી	વીંધુ	: ૧ા વસો	ગાંસડી	: ૧૨ાા ધા
ટાંક	: ૧ાા રતી	વીંધુ	: ૧૨ાા કાડી	ગાંસડી	: ૬ા ધા
ટાંક	: ૦ાા રતી	વીંધુ	: ૬ા કાડી	ગાંસડી	: ૧ રીમ
ટાંક	: ૬ આના	વીંધુ	: ૨ વસા	ખેડીઉં	: ૪ મણ
ટાંક	: ૧ાા આના	વસા	: ૨ાા કાડી	ખેડીઉં	: ૨ મણ
કાડી	: ૨ાા નંગ	વસા	: ૧ા કાડી	ખેડીઉં	: મણ
કાડી	: ૧ા નંગ	ગાલ્લી	: ૩ાા મણ	ખેડીઉં	: ૦ા મણ
ધા	: ૩ તાવ	ગાલ્લી	: ૭૫ શેર	ખેડીઉં	: ૫ શેર
ધા	: ૧ાા તાવ	ગાલ્લી	: ૩૭ાા શેર	ખેડીઉં	: ૧૨૮ શેર
ધા	: ૦ાા તાવ	ગાલ્લી	: ૧૮ાા શેર	ખેડીઉં	: ૪ શેર
રીમ	: ૨ાા ધા	ગાલ્લી	: ૩ મણ	તોલો	: ૪ વાલ
રીમ	: ૬ા ધા	ગાલ્લી	: ૫ શેર	તોલો	: ૨ વાલ
રીમ	. ૧૫.તાવ	મહીનો*	: ૩ાા દિવસ	તોલો	: ૧ વાલ
રીમ	. ૭ાા તાવ	મહીનો	. ૩ દિવસ	તોલો	: ૦ાા વાલ
રીમ	: ૨ ધા	સેંકડો	: ૧૨ાા નંગ		

મનોગણિત ૨.

૧) શેરના રૂ. ભાર કેટલા ?
૨) શેર : રૂા. ભાર.
૩) મણના રૂા. ભાર કેટલા ?
૪) મણના નવટાંક કેટલા ?
૫) મણના : રૂા. ભાર.
૬) મણ : નવટાંક
૭) મણના શેર કેટલા ?
૮) ખાંડીના શેર કેટલા ?
૯) ભારના શેર કેટલા ?
૧૦) કળશીના શેર કેટલા ?
૧૧) ગાલ્લીના શેર કેટલા ?
૧૨) બેડીઆના શેર કેટલા ?
૧૩) ગદિઆણાની રતી કેટલી ?
૧૪) માસાની રતી કેટલી ?
૧૫) માણી : શેર
૧૬) કળશી : શેર
૧૭) ખાંડીના : શેર
૧૮) ભાર : શેર
૧૯) ગાલ્લી : શેર
૨૦) બેડીઉં : શેર
૨૧) વર્ષના દિવસ કેટલા ?
૨૨) વર્ષ : દિવસ
૨૩) શેર: ખાંડી
૨૪) કેટલા શેરની માણી
૨૫) કેટલી રતીનો તોલો ?
૨૬) કેટલી રતીનો માસો ?
૨૭) કેટલી રતીનો ગદિઆણો ?
૨૮) શેરના નવટાંક કેટલા ?
૨૯) શેરના અધોળ કેટલા ?
૩૦) મણની પાંચશેરી કેટલી ?
૩૧) મણની અઢીશેરી કેટલી ?
૩૨) મણની સવાશેરી કેટલી ?
૩૩) મણના અધોળ કેટલા ?
૩૪) ૩૬ દિવસ : ૧ વર્ષ
૩૫) ૫ ગુંઠા : એકર
૩૬) ૫ પોલ : માઇલ
૩૭) ૦।। મણ : બેડીઉં
૩૮) ૧।। રતી : તોલો
૩૯) ૬૪ શેર : કળશી
૪૦) કળશીની બશેરી કેટલી
૪૧) ૭૫ શેર : ગાલ્લી
૪૨) ૨ વસા : વીઘુ
૪૩) ગાલ્લીમાં ૫ શેર કેટલીવાર ?
૪૪) ગાલ્લી: ૫ શેર

૪૫) ૨ ધા : રીમ.
૪૭) એડીઆની ૫ શેરી કેટલી ?
૪૮) ભાર : મણુ
૪૯) કળશી : એડીઉં
૫૦) ગાલ્લી : ખાંડી
૫૧) ક્રાઉન : પૌંડ
૫૨) પૌંડના ક્રાઉન કેટલા ?
૫૩) વર્ષ : ૧।। દિવસ

૫૪) ૧।। ખડી : ૭।। શેર
૫૫) ૧। ભાર : ૧।। મણુ
૫૬) ૧ ગજ : ૦।। તસુ
૫૭) ૩ અધોળ : ૧।। મણુ
૫૮) ૨।। નવટાંક : ૨।। મણુ
૫૯) ૨। ગાલ્લી : ૧૧। શેર
૬૦) ૧। પૌંડ : ૧। શિલિંગ

૬૧) કેટલા ફાર્ધિંગ હોય તો શિલિંગ થાય ?

૬૨) નીચેના રૂપીઆની કિંમત કહો.

૧/૨, ૧/૩, ૧/૪, ૧/૫, ૧/૬, ૧/૮, ૧/૧૦, ૧/૧૨, ૧/૧૬, ૧/૨૦, ૧/૨૪, ૧/૨૫, ૧/૩૨,
૧/૪૦, ૧/૪૮, ૧/૫૦, ૧/૬૪, ૧/૮૦, ૧/૯૬, ૧/૧૦૦, ૧/૧૨૮, ૧/૧૯૨, ૧/૨૦૦,

૬૩) ૧/૨, ૧/૩, ૧/૪, ૧/૫, ૧/૬, ૧/૮, ૧/૧૨, ૧/૧૬, ૧/૨૦, ૧/૨૪, ૧/૨૫, ૧/૪૦, ૧/૪૮,
૧/૫૦, ૧/૨૦૦, આનાની કિંમત કહો.

૬૪) ૪।। પૌંડમાં ૨।। પૌંડ ઉમેરતાં જે જવાબ આવે તેનું ૭ શિલિંગ ૩ પેન્સ સાથે ગુણોત્તર શું ?

૬૫) રૂ. ૩।।।≈।। માંથી રૂ. ૦) ૦।। બાદ કરો અને જે બાકી રહે તેનું રૂ. ૦।।।≈ ની સાથે ગુણોત્તર શું ?

૬૬) ૭।।×૭।। નું ૨।।×૨।। સાથે ગુણોત્તર શું ?

૬૭) ૧।। મણુ ને કેટલા શેરનું ગુણોત્તર ૮ ?

૬૮) ૨ શેર ને કેટલા નવટાંકનું ગુણોત્તર ૮ ?

૬૯) નવટાંક ને કેટલા શેરનું ગુણોત્તર ૧/૨ ?

૭૦) ગાંસડી ને કેટલા રીમનું ગુણોત્તર ૧૦ ?
૭૧) સેંકડો ને કેટલા નંગનું ગુણોત્તર ૨૦ ?
૭૨) ૩ નવટાંક ને કેટલા શેરનું ગુણોત્તર ૧/૪ ?
૭૩) ૧ા રૂપીઆ ને કેટલા આનાનું ગુણોત્તર ૮ ?
૭૪) કેટલા આના ને ૩ા રૂપીઆનું ગુણોત્તર ૧૨ ?
૭૫) ૩ રૂપીઆ ને કેટલી પાઈનું ગુણોત્તર ૪૮ ?
૭૬) કેટલા તોલા ને ૮ ગદિઆણાનું ગુણોત્તર ૧૬ ?
૭૭) કેટલી કળશી ને ૪ ભારનું ગુણોત્તર ૨ ?
૭૮) ૫ રૂપીઆ ને કેટલી પાઈનું ગુણોત્તર ૧૯૨ ?
૭૯) ૭ શિલિંગ ને કેટલા પેન્સનુ ગુણોત્તર ૧૨ ?
૮૦) ૭ પેન્સ ને કેટલા શિલિંગનું ગુણોત્તર ૧/૧૨ ?
૮૧) ૩૨ મણ ને કેટલા શેરનું ગુણોત્તર ૪૦ ?
૮૨) બેડીઉં ને કેટલા શેરનું ગુણોત્તર ૪૦ ?
૮૩) કેટલા મણ ને ૫ નવટાંકનું ગુણોત્તર ૩૨૦ ?
૮૪) ૫ શેર ને કેટલી ખાંડીનું ગુણોત્તર ૧/૧૬૦ ?
૮૫) કેટલા ગ્રોસ ને ૨૪ ડઝનનું ગુણોત્તર ૨ ?

સૂચના—૮૬ થી ૯૫ સવાલના જવાબ અનેક આવશે ?

૮૬) કેટલા રૂપીઆ ને કેટલા આનાનું ગુણોત્તર ૪ ?
૮૭) કેટલા મણ ને કેટલા શેરનું ગુણોત્તર ૪૦ ?
૮૮) કેટલાં બેડીઆં ને કેટલી કળશીનું ગુણોત્તર ૮ ?
૮૯) કેટલા આના ને કેટલી પાઈનું ગુણોત્તર ૧૨ ?
૯૦) કેટલા મણ ને કેટલા શેરનું ગુણોત્તર ૧૬ ?

૯૧) કેટલા તોલા ને કેટલા વાલનું ગુણોત્તર ૮ ?

૯૨) કેટલી ગાલ્લી ને કેટલા મણનું ગુણોત્તર ૩૦ ?

૯૩) કેટલી ખાંડી ને કેટલા શેરનું ગુણોત્તર ૪૦ ?

૯૪) કેટલા પૌંડ ને કેટલા શિલિંગનું ગુણોત્તર ૨૦ ?

૯૫) કેટલા શિલિંગ ને કેટલા પેન્સનું ગુણોત્તર ૧૨ ?

પ્રકરણ ૨.

કસર.

વ્યવહારમાં પદાર્થોની કિંમતની આપ લે ચલણી નાણાંથી કરવામાં આવે છે. નાણામાં હલકું નાણું પાઈ છે. ૦॥ પાઇથી ઉપરાંત થાય તો આખી ગણી લેવા આવે છે, પણ ૦॥ પાઇથી ઓછી થાય તો છોડી દેવામાં આવે છે.

હિસાબ દોકડા, બદામ, વીસવાસીથી ગણવામાં આવે છે. તેમાં પણ ઉપર મુજબ કસર મુકવી. જવાબ દોકડા, બદામ અને વીસવાસીમાં ન માંડતાં તેનું નાણું કરી રૂપીઆ, આના, પાઇમાં માંડવો.

પ્રકરણ ૩.

તમામ ગુણોત્તરમાં લાગુ પડતી કુંચીઓ.

૧) ભારે પરિમાણ ઉપરથી હલકા પરિમાણની કિંમત કાઢવાની રીતઃ—

ભારે પરિમાણુની કિંમતને, ભારે પરિમાણુ અને હલકા પરિમાણુના ગુણોત્તરે ભાગવા, ભાગાકાર ભારે પરિમાણુની કિંમતની જાતનો આવશે. જેમકે ૧) રૂ૦ ૨૫॥ એ તોલો તો ૪ વાલનું શું ?

ભારે પરિમાણુની કિંમત રૂા. ૨૫॥ ને ભારે પરિમાણુ તોલો અને હલકા પરિમાણુ ૪ વાલના ગુણોત્તર ૮ એ ભાગ્યા. ૨૫॥÷૮ એટલે ૨૫॥×$\frac{૧}{૮}$=૫૧ આના=રૂ. ૩)≋ જવાબ આવ્યો. (૨૫॥ રૂપીઆને $\frac{૧}{૮}$ થી ગુણવા અથવા ૨૫॥ ને $\frac{૧}{૮}$* રૂપીઆએ ગુણવા એ બરાબર છે. હવે $\frac{૧}{૮}$ રૂપીઓ એટલે બે આના, માટે ૨૫॥×૨ આના=૫૧ આના=રૂ. ૩)≋) દા. ૨) રૂ. ૬૩) ગાલ્લી તો ૧૨ શેરનું શું ?

ભારે પરિમાણુની કિંમત રૂા. ૬૩) ને ભારે પરિમાણુ ગાલ્લી અને હલકા પરિમાણુ ૧૨ શેરના ગુણોત્તર ૧૦૦ એ ભાગ્યા. ૬૩÷૧૦૦=૬૩×$\frac{૧}{૧૦૦}$=૬૩ દોકડા=રૂા. ૦॥= ૦॥ દોકડો જવાબ. (૬૩ રૂપીઆ ×$\frac{૧}{૧૦૦}$=૬૩×$\frac{૧}{૧૦૦}$ રૂા. છે. $\frac{૧}{૧૦૦}$ રૂપીઆ=૧ દોકડો માટે ૬૩×૧=૬૩ દોકડા=રૂા. ૦॥= ૦॥ દોકડો)

૩) ૭॥ ખાંડીના ૫૨॥ રૂપીઆ તો ૩૦ શેરનું શું ?

ભારે પરિમાણુની કિંમત રૂ. ૫૨॥ ને ભાર પરિમાણુ ૭॥ ખાંડી

---

*ગુણોત્તર એ સાદી સંખ્યા છે. છતાં આ રીતમાં તેને વિશેષ (પરિમાણુવાળી) સંખ્યા ગણી લેવામાં આવે છે માટે પહેલી સંખ્યા જે વિશેષ સંખ્યા છે તેને સાદી સંખ્યા ગણી લેવી જોઇએ કારણ ૨૫૯ છે જેમકે ૫ રૂપીઆ ×૨=૧૦ રૂપીઆ અથવા ૫×૨ રૂપીઆ=૧૦ રૂપીઆ છે.

અને હલકા પરિમાણ ૩૦ શેરના ગુણોત્તર ૨૦૦ એ ભાગ્યા. ૫૨ાા÷૨૦૦=૨૬ા દોકડા=કારણ રૂપીઆનો ૨૦૦મો ભાગ ૦ાા દોકડો છે, માટે ૫૨ાા×૦ાા=૨૬ા દોકડા=રૂ. ૦ા ૧ા દોકડો જવાબ.

૨) હલકા પરિમાણ ઉપરથી ભારે પરિમાણની કિંમત કાઢવાની રીતઃ—

હલકા પરિમાણની કિંમતને હલકા પરિમાણ અને ભારે પરિમાણના ગુણોત્તરે ભાગવા. ભાગાકાર હલકા પરિમાણની કિંમતની જાતનો આવશે જેમકે દા. ૧) રૂ. ૦)=ાા નું શેર તો મણનું શું ?

હલકા પરિમાણની કિંમત ૨ાા આનાને હલકા પરિમાણ ૧ા શેર અને ભારે પરિમાણ મણના ગુણોત્તર $\frac{૧}{૩૨}$થી ભાગ્યા. ૨ાા આના÷$\frac{૧}{૩૨}$ =૨ાાઆના×૩૨=૮૦ આના=રૂ. ૫) જવાબ. અથવા ૨ાા×૩૨ આના=૨ાા×૨ રૂપીઆ=૫ રૂપીઆ.

૨) રૂ. ૦)=ા નું શેર તો મણનું શું ?

હલકા પરિમાણની કિંમત ૨ા આનાને હલકા પરિમાણ શેર અને ભારે પરિમાણના ગુણોત્તર $\frac{૧}{૪૦}$ થી ભાગ્યા. ૨ા÷$\frac{૧}{૪૦}$=૨ા આના ×૪૦=૯૦ આના=રૂ. ૫ાા= જવાબ.

૩) ૭ા શેરના ૬ આના તો ૩ ખાંડીનું શું ?

હલકાના પરિમાણની કિંમત ૬ આનાને હલકા પરિમાણ ૭ા શેર અને ભારે પરિમાણ ૩ ખાંડીના ગુણોત્તર $\frac{૧}{૩૨૦}$ થી ભાગ્યા. તો ૬ આના÷$\frac{૧}{૩૨૦}$=૬ આના×૩૨૦=૧૯૨૦ આના=રૂ. ૧૨૦ અથવા ૬×૨૦ રૂપીઆ=૧૨૦ રૂપીઆ જવાબ.

૩) કિંમત ઉપરથી વજન કાઢવાની રીતઃ—

જેટલું વજન આપ્યું હોય અને જેટલી કિંમતનું લેવું હોય

તે એનો ગુણાકાર કરવો, પછી તે ગુણાકારને આપેલી કિંમતે ભાગવાથી જવાબ આપેલા વજનની જાતનો આવશે.

૧) રૂ. ૪૫માં ૧ાા ગાલ્લી મઠ મળે તો રૂ. ૩) માં કેટલા આવશે? ૧ાા×૩=૪ાા. ૪ાા÷૪૫=$\frac{૧}{૧૦}$ ગાલ્લી=૩ મણ જવાબ,

૨) રૂ. ૭૨નું ૧ાા કળશી તો રૂ. ૬)નું કેટલું? ૧ાા×૬=૯, ૯÷૭૨=$\frac{૧}{૮}$ કળશી=૨ મણ જવાબ.

૩) રૂ. ૦ાા ના ૨૧ નંગ તો રૂ. ૪)ના કેટલાં? ૨૧×૪=૮૪÷•ાા=૧૧૨ નંગ જવાબ.

રૂ. ૫૨ામાં ૧ાા ગાલ્લી ગુવાર મળે તો રૂ. ૧)≈ામાં કેટલી આવશે? ૧ાા×૧)≈ા=૧ાા≈ા. ૧ાા≈ા÷૫૨ા=$\frac{૧}{૩૧}$ ગાલ્લી=૩૭ાા શેર.

મનોયત્ન ૩

૧) એક આનાનું નવટાંક તો મણનું શું?

૨) રૂપીઆનું ૪ શેર તો ભારનું શું?

૩) વાલના સોનાના રૂ. ૧ાા તો ૨ાા તોલાનું શું?

૪) રૂ. ૭ાા હજાર તો ૧૨૫ નંગનું શું?

૫) ડઝનના રૂ. •)≈ તો ૨ા ગ્રોસનું શું?

૬) રૂ. ૦ા≈નું ૧૦ શેર તો ગાલ્લીનું શું?

૭) મહીનાના રૂ. ૧૭ાા તો ૧૦ દિવસનું શું?

૮) ૭ાા વાલના રૂ. ૨ાા તો ૭ાા તોલાનું શું?

૯) રૂ. ૬૦)નું ૨ાા ખાંડી તો રૂ. ૫) નું કેટલું?

૧૦) રૂ. •)≈નું ૦ાા મણ તો રૂ. ૧૫)નું કેટલું?

૧૧) મણના રૂ. ૨ાા તો રૂ. ૧ા≈નું કેટલું?

૧૨) રૂ, ૧૮ાાનું ૨૦ મણ તો રૂ. ૩ાાનું કેટલું?

૧૩) ૭) વર્ષના રૂ. ૧૦૫) તે ૭ મહીનાનું શું?
૧૪) રૂ. ૧૫) મણ તો ૩ા મણનું શું?
૧૫) ૩ અધોળના રૂ. ૦ાઙ્ગ તો ૩ શેરનું શું?
૧૬) ૭ પેનીની ૫ પાઇ તો ૫ આનાની કેટલી?
૧૭) રૂ. ૨પાએ તોલો તો ૪ વાલનું શું?
૧૮) રૂ. ૧૨ાનું ૫ મણ તો ૪ શેરનું શું?
૧૯) ૬૪ કેરીનો રૂ. ૧ા તો રૂ. ૧)૦ાની કેટલી?

પ્રકરણ ૪.

શેરના નવટાંક કેટલા? અચ્છેરના અધોળ? મણની પાંચશેરી કેટલી? માસાની રતી? દિવસના પહોર? પાયલીની ટિપરી? ખાંડીના ફરા? ઔંસના ડ્રામ (દવા તોલવાનું)? માઇલના ફર્લાંગ? ક્વાર્ટરના બુશલ? બુશલના ગેલન કેટલા? જ. ૮. ત્યારે ઉપલાં પરિમાણોનું ગુણોત્તર શું? જ. ૮.

૮ ગુણોત્તર આવે એવાં કોષ્ટકો.

શેર ને નવટાંક, અચ્છેર ને અધોળ, મણ ને પાંચશેરી, માસો ને રતી, દિવસ ને પહોર, પાયલી ને ટિપરી, ખાંડી ને ફરો, ઔંસ ને ડ્રામ (દવા તોલવાનું) માઇલ ને ફર્લાંગ, ક્વાર્ટર ને બુશલ, બુશલ ને ગેલન.

એ પરિમાણોમાંથી ભારે પરિમાણ કહો. હલકા કહો. હલકા ભારેનો કેટલામો ભાગ છે? જ. ૮ મો ભાગ. ભારે હલકાથી કેટલા ગણા છે. જ. ૮ ગણા.

જો ભારે પરિમાણના એકમની કિંમત રૂ. ૧ પડે તો હલકા એકમની કિંમત ભારેના કેટલામા ભાગની પડે? જ. ૮મા ભાગની. રૂપીઆનો ૮મો ભાગ શું? જ. ૨ આના. રૂપીઆથી કેટલા ગણા આના આવ્યા? જ. બમણા. પણ જો ભારે એકમની કિંમત રૂ. ૨ પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે? જ. ૪ આના. રૂપીઆથી કેટલા ગણા આના આવ્યા? જ. બમણા. માટે.

૧) ભારે એકમના રૂપીઆથી બમણા આના હલકા એકમની કિંમત પડે.

ભારે પરિમાણના એકમની કિંમત ૧ આનો પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે? જ. દોઢ પાઈ. આનાથી કેટલી ગણી પાઇ પડે? જ. દોઢ ગણી. જો ભારે એકમની કિંમત ૨ આના પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે? જ. ૩ પાઇ=૧ પૈસો. આનથી કેટલી ગણી પાઇ આવી? જ. દોઢ ગણી. પૈસા કેટલા ગણા આવ્યા? જ. અડધા. ભારે એકમના આનાથી કેટલા ગણી પાઇ આપવી પડે? જ. દોઢ ગણી. પૈસા કેટલા ગણા આપવા પડે? જ. અડધા. માટે

ભારે એકમના આનાથી દોઢ ગણી પાઈ અથવા અડધા પૈસા હલકા એકમની કિંમત પડે.

ભારે પરિમાણના એકમની કિંમત ૧ પૌંડ પડે તો હલકા એકમની કિંમત કેટલી? જ. પૌંડના આઠમા ભાગ જેટલી. પૌંડનો આઠમો ભાગ શું? જ. ૨।। શિલિંગ. પૌંડથી કેટલા ગણા શિલિંગ આવ્યા? જ. અઢીગણા. ભારે એકમના પૌંડથી કેટલા ગણી શિલિંગ આપવી પડે? જ. અઢીગણી. માટે,

૩) ભારે એકમના પૌંડથી અઢીગણી શિલિંગ હલકા એકમની કિંમત પડે.

ભારે પરિમાણના એકમની કિંમત ૧ શિલિંગ પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે? જ. દોઢ પેન્સ. શિલિંગથી કેટલા ગણા પેન્સ પડે? જ. દોઢ ગણા. ભારે એકમના શિલિંગથી કેટલા ગણા પેન્સ આપવા પડે? જ. દોઢ ગણા. માટે.

૪) ભારે એકમના શિલિંગથી દોઢ ગણા પેન્સ હલકા એકમની કિંમત પડે.

ભારે પરિમાણના એકમની કિંમત ૧ પેન્સ પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે? જ. ૦ાા ફાર્ધિંગ. પેન્સથી કેટલા ગણા ફાર્ધિંગ પડે? જ. અડધા. ભારે એકમના પેન્સથી કેટલા ગણા ફાર્ધિંગ આપવા પડે? જ. અડધા.

૫) ભારે એકમના પેન્સથી અડધા ફાર્ધિંગ હલકા એકમની કિંમત પડે.

આગળ કુંચીઓ કઢાવી છે માટે નીચેના હિસાબ પૂછો.

રૂ. ૧)નું મણ તો ૫ શેરનું શું? જ. ૨ આના.

રૂ. ૨)નું ૧ મણ તો ૫ શેરનું શું? જ. ૪ આના.

રૂ. ૫)નું ૧૬ મણ તો બે મણનું શું? જ. ૧૦ આના.

રૂ. ૦)-નું શેર તો નવટાંકનું શું? દોઢ પાઈ.

રૂ. ૦)≡નું ૧ાા શેર તો ૧ાા નવટાંકનું શું? જ. ૧ાા પાઈ.

૧ પૈસાનું એક શેર તો ૧ નવટાંકનું શું? જ. ૦ાા ઉપઆનો.

૭ પૈસાનું ૪ શેર તો ૪ નવટાંકનું શું? જ. ૩ાા ઉપઆના.

હવે રૂપીઆના ભાવ પરથી ભારે પરથી હલકાની કુંચીએ કઢાવો.

*** રૂપીઆના ભાવ પરથી ભારેપરથી હલકાની કિંમત.**

૧) જેટલા રૂપીઆનું જેટલું ભારે પરિમાણ તેથી બમણા આનાનું તેટલુંજ હલકું પરિમાણ.

૨) જેટલા આનાનું જેટલું ભારે પરિમાણ તેથી દોઢ ગણી પાઇનું તેટલુંજ હલકું પરિમાણ.

૩) જેટલા પૈસાનું જેટલું ભારે પરિમાણ તેથી ૦॥ ઉપઆનાનું તેટલુંજ હલકું પરિમાણ.

હલકાથી ભારે કેટલા ગણા છે? જ. ૮ ગણા.

હવે જો હલકા એકમની કિંમત ૧ રૂ. ૧ આનો, ૧ પૈસો, ૧ પાઇ, ૧ પૌંડ, ૧ શિલિંગ, ૧ પેન્સ, ૧ ફાર્ધિંગ પડે તો ભારે એકમની કિંમત કેટલા ગણી પડે? જ. ૮ ગણી. એટલે? ૮ રૂા. ૮ આના=૦॥ રૂા. ૮ પૈસા=બે આના, ૮ પાઇ, ૮ પૈંડ, ૮ શિલિંગ, ૮ પેન્સ, ૮ ફાર્ધિંગ=૨ પેન્સ પડે. માટે.

૧) હલકા એકમની કિંમત ૧ રૂ. પડે તો ભારે એકમની શી? રૂ. ૮)
૨) ,, ,, ,, ૧ આનો ,, ,, ,, ,, ? રૂ. ૦॥
૩) ,, ,, ,, ૧ પૈસો ,, ,, ,, ,, ? ૨ આના
૪) ,, ,, ,, ૧ પાઇ ,, ,, ,, ,, ? ૮ પાઇ
૫) ,, ,, ,, ૧ પૌંડ ,, ,, ,, ,, ? ૮ પૌંડ
૬) ,, ,, ,, ૧ શિલિંગ ,, ,, ,, ,, ? ૮ શિ૦
૭) હલકા એકમની કિંમત ૧ પેન્સ પડે તો ભારે એકમની શી? ૮ પેન્સ
૮) ,, ,, ,, ૧ ફાર્ધિંગ ,, ,, ,, ,, ? ૨ પેન્સ

હલકા એકમપરથી ભારે એકમની કિંમતઃ—

૧) આનાથી ૦॥ રૂપીઆ. ૨) પૈસાથી બમણા આના. ૩) પાઇથી

૦॥ આના અને બમણી પાઇ. ૪) ફાર્દિંગથી બમણા પેન્સ આગળ કુંચીઓ કહાવી છે માટે નીચેના હિસાબ પૂછો.

રૂ. ૧)નું ૧ નવટાંક તો ૧ શેરનું શું? જ. ૮ રૂ.

રૂ, ૨)નું ૩ નવટાંક તો ૩ શેરનું શું? જ. ૧૬ રૂ,

રૂ. ૦)-નું ૧ નવટાંક તો ૧ શેરનું શું? જ. ૦॥ રૂ.

રૂ, ૦)≈નું ૩ નવટાંક તો ૩ શેરનું શું? જ. ૧॥ રૂ.

૧ પૈસાનું ૧ નવટાંક તો ૧ શેરનું શું? જ ૨ આના.

૪ પૈસાનું ૫ નવટાંક તો ૫ શેરનું શું? જ. ૮ આના

૧ પાઇનું ૧ નવટાંક તો ૧ શેરનું શું? જ. ૮ પાઇ

હવે રૂપીઆના ભાવપરથી હલકા પરથી ભારેની કુંચીઓ કઢાવો.

*** રૂપીઆના ભાવપરથી હલકાપરથી ભારે કિંમત—**

૧) જેટલા રૂપીઆનું જેટલું હલકું પરિમાણ તેથી ૮ગણા રૂપીઆનું તેટલુંજ ભારે પરિમાણ.

૨) જેટલા આનાનું જેટલું હલકું પરિમાણ તેથી ૦॥ રૂપીઆનું તેટલુંજ ભારે પરિમાણ.

૩) જેટલા પૈસાનું જેટલું હલકું પરિમાણ તેથી બમણા આનાનું તેટલુંજ ભારે પરિમાણ.

૪) જેટલી પાઇનું જેટલું હલકું પરિમાણ તેથી ૮ ગણી પાઇનું જેટલું ભારે પરિમાણ.

ઉદાહરણ—

૧) રૂ. ૩)નું શેર તો નવટાંકનું શું? જ. રૂપીઆથી બમણા આના. માટે ૩×૨=૬ આના=રૂ. ૦|=

૨) ૫ આનાનું મણ તો ૫ શેરનું શું? જ. આનાથી દોઢ ગણી

પાઇ. માટે ૫×૧॥=૭॥ પાઇ=રૂ. ૦) ૦॥ ૧॥ પાઈ.

૩) ૨॥ પૌંડમાં ૧ માઇલ રેલવે દુરસ્ત થાય તો ૧ ફર્લાંગ રેલવે દુરસ્ત કરામણી શું ખર્ચ થશે? જ. પૌંડથી ૨॥ ગણી શિલિંગ માટે ૦॥×૨॥=૬॥ શિલિંગ.

૪) ૩ શિલિંગમાં ૧ ઔંસ દવા મળે તો ડ્રામનું શું? જ. શિલિંગથી દોઢા પેન્સ માટે ૩×૧॥=૪॥ પેન્સ.

૫) ૪ પેન્સમાં ૧ માઇલની મુસાફરી થાય તો ૧ ફર્લાંગ મુસાફરીનું શું આપવું પડશે? જ. પેન્સથી ૦॥ ફાર્થિંગ, માટે ૪×૦॥=૨ ફાર્થિંગ=૦॥ પેન્સ.

૬) રૂ. ૫)નું ૩ માસા તો દસ આનાનું કેટલું? જ. રૂપીઆથી બમણા આના છે. માટે માસા જેટલીજ રતી એટલે ૩ રતી=૧ વાલ.

૭) ૪ આનાનું શેર તો ૬ પાઇનું કેટલું? જ. આનાથી દોઢ ગણી પાઇ છે, માટે શેર જેટલાજ નવટાંક એટલે ૨ નવટાંક.

૮) ૨ પૈસાનું ૩ શેર તો ૧ કેપઆનાનું (૦॥। પાઇનું) કેટલું? જ. પૈસાથી અડધા કેપઆના છે, માટે શેર જેટલાજ નવટાંક એટલે ૩ નવટાંક=શેર ૦।=

૯) રૂ. ૨૫)નું ૨ મણ તો રૂ ૭)=માં કેટલું આવે? જ. રૂપીઆથી બમણા આના છે, માટે મણથી બમણા પાંચ શેર એટલે ૦। મણ.

૧૦) ૬ આનાનું ૪ શેર તો ૯ પાઇનું કેટલું? જ. આનાથી દોઢી પાઈ છે, માટે શેર જેટલાજ નવટાંક એટલે ૪ નવટાંક=૦॥ શેર.

૧૧) રૂ. ૧)નું ૫ શેર તો મણનું શું ? જ. રૂપીઆથી ૮ ગણા રૂપીઆ માટે ૮ રૂ.

૧૨) રૂ. ૦)=નું નવટાંક તો શેરનું શું ? જ. આનાથી ૦॥ રૂપીઆ માટે ૨×૦॥=૧ રૂ.

૧૩) ૩ પૈસાનું અધોળ તો અચ્છેરનું શું ? જ. પૈસાથી બમણા આના માટે ૩×૨=૬ આના=રૂ. ૦।=

૧૪) ૨ પાઇનું નવટાંક તો શેરનું ? જ. પાઇથી ૮ ગણી પાઇ. માટે ૨×૮=૧૬ પાઇ=રૂ. ૦)≈ ૧ પઇ.

૧૫) ૦॥ પૌંડના બુશલ ધઉં મળે તો કવાર્ટરનું શું ? જ. પૌંડથી ૮ ગણા પૌંડ માટે ૦॥×૮=૪ પૌંડ.

૧૬) ૨॥ શિલિંગમાં ગૅલન કેરોસીન મળે તો બુશલ કેરોસીનનું શું ? જ. શિલિંગથી ૮ શિલિંગ માટે ૨॥×૮=૨૦ શિલિંગ=૧ પૌંડ.

૧૭) ૩॥ પેન્સમાં ૧ ડ્રામ દવા મળે તો ૧ ઔંસનું શું ? જ. પેન્સથી ૮ ગણા પેન્સ, માટે ૩॥×૮=૩૦ પેન્સ=૨॥ શિલિંગ.

૧૮) ૧। ફાર્ધિંગમાં ૧ ડ્રામ દવા મળે તો ૧ ઔંસનું શું ? જ. ફાર્ધિંગથી ૮ ગણા ફાર્ધિંગ માટે ૧।×૮=૧૦ ફાર્ધિંગ=૨॥ પેન્સ.

૧૯) ૩ આનાનું નવટાંક તો ૩ રૂપીઆનું કેટલું ? જ. આના જેટલાજ રૂપીઆ છે. માટે નવટાંકથી બમણા શેર એટલે ૨ શેર.

૨૦) ૨ ઉપઆનાનું (૧॥ પાઈનું) નવટાંક તો ૨ આનાનું કેટલું ? જ. ઉપઆના જેટલાજ આના છે, માટે નવટાંકથી બમણા શેર એટલે ૨ શેર.

૨૧) રૂ. ૫)નું ૩ નવટાંક તો ૪૦ રૂપીઆનું કેટલું ? જ. રૂપીઆથી ૮ ગણા રૂપીઆ છે, માટે નવટાંક જેટલાજ શેર એટલે ૩ શેર.

૨૨) રૂ. ૦)≈ નું ૨ નવટાંક તો રૂ. ૧ાા નું કેટલું ? જ. આનાથી ૦ાા રૂપીઆ છે, માટે નવટાંક જેટલાજ શેર એટલે ૨ શેર.
૨૩) ૩ પૈસાનું ૫ નવટાંક તો ૬ આનાનું કેટલું ? જ. પૈસાથી બમણા આના છે, માટે નવટાંક જેટલાજ શેર એટલે ૫ શેર.
૨૪) ૨ પાઇનું ૩ નવટાંક તો ૧૬ પાઇનું કેટલું ? જ. પાઇથી ૮ ગણી પાઇ છે, માટે નવટાંક જેટલાજ શેર એટલે ૩ શેર.

મનોયત્ન ૪.

૧) રૂ. ૦ાા= શેર તો નવટાંકનું શું ?
૨) ૫ શેર બોરના ૩ આના તો મણનું શું ?
૩) નવટાંક હીંગના રૂ. ૦)≈ાા તો શેરનું શું ?
૪) રૂ. ૨ાા એ શેર હીંગ મળે તો રૂ. ૧ા=ાાની કેટલી ?
૫) મણના રૂ. ૧ાાા તો ૫ શેરનું શું ?
૬) રૂ. ૨ાાએ શેર તો ૫ રૂપીઆભારનું ?
૭) ૨ાા પૈસાનું ૫ શેર તો મણનું શું ?
૮) રૂ. ૦)-ાાનું શેર તો રૂ. ૧ાાાનું કેટલું ?
૯) ૫ શેરના રૂ. ૦ા= તો મણનું શું ?
૧૦) રૂ. ૩ાાા એ મણ તો ૧ાા મણ ૫ શેરનું શું ?
૧૧) મણ મગના રૂ. ૨ાા≈ા તો મણ ૩) ૫ શેરનું શું ?
૧૨) રૂ. ૧ાા≈ાાનું મણ તો ૨ાા મણ ૫ શેરનું શું ?
૧૩) નવટાંકની ૫ પાઇ તો શેરનું શું ?
૧૪) રૂ. ૦)≈નું ૧ાા મણ તો ૭ાા શેરનું શું ?
૧૫) મણ મગના રૂ. ૨)≈નું તો ૧૫ શેરનું શું ?
૧૬) રૂ. ૬ાની મણ ખાંડ તો ૦ાા મણ ૫ શેરનું શું ?

૧૭) રૂ. ૦ાાનો માસો તો રૂ. ૦ાા=ાનું કેટલું ?

૧૮) ૫ શેર દૂધીના રૂ. ૦ ≡ાા તો ૪ાા મણનું શું ?

૧૯) ૧ાા માસાનો રૂ. ૦,૮ તો દોઢ પાઈનું કેટલું ?

૨૦) રૂપીઆની ૫ શેર ખાંડ તો શેર ૦ાા=નું શું ?

૨૧) શેર ૦ાા નો એક આનો તો ૨ાા શેરનું શું ?

૨૨) રૂ. ૨૧ાા= મણ તોા ૨ાા મણ ૫ શેરનું શું ?

૨૩) રૂ. ૦ાા=માં એક માઈલની મુસાફરી થાય તો ફર્લાંગ મુસાફરીનું શું બેસે ?

૨૪) ૩ાા શિલિંગમાં ૧ માઈલની મુસાફરી થાય તો ૫ માઈલ ૨ ફર્લાંગ મુસાફરીનું શું ખર્ચ થાય ?

૨૫) રૂ. ૦)≡નું ૫ રૂપીઆભાર તો શેરનું શું ?

૨૬) ૩ા પૈસાનું ૫ શેર તો મણનું શું ?

૨૭) ૨ા પૌંડમાં માઈલની મુસાફરી થાય તો ૨ા શિલિંગમાં કેટલી મુસાફરી થશે ?

૨૮) રતીના રૂ. ૦ા≡ તો ૨ાા માસાનું શું ?

૨૯) ૫ શેર વેગણના રૂ. ૦,≡ાા તો રૂ. ૧ાા=ામાં કેટલા આવે ?

૩૦) રૂડ જમીનના ૩ાા પૌંડ પડે તો ૫ પોલનું શું ?

૩૧) વર્ષનો ૨ાા શિલિંગ તો ૧ાા મહીનાનો કેટલો ?

૩૨) ૨ા પૌંડમાં ૧ાા ઔંસ દવા મળે તો પૌંડ દવાનું શું બેસે ?

૩૩) ૨ાા પૌંડમાં ગ્રોસ લેંપ આવે તો ૧ાા ડઝનનું શું ?

૩૪) કાથળા ઘઉંના રૂ. ૨૧ા=ાા બેસે તો ૦ાા મણ ૫ શેરનું ?

૩૫) મોટા હારાના રૂ. ૨૨ાા તો ૨ાા મણ ૫ શેરનું શું ?

૩૬) ગજ બનાતના રૂ. ૩ાા તો ૩ તસુનું શું ?

૩૭) રૂ. ૯પાા એ ગાલ્લી તો ૩ાા મણનું શું ?

૩૮) ગદિઆણા સોનાના રૂ. ૧૪ાા તો ૩ વાલનું શું ?

૩૯) રૂ. ૧૮ાા એ સેંકડો તો રૂ. ૨ાાાના કેટલા નંગ ?

૧૬ ગુણોત્તર આવે એવા કોષ્ટકો.

શેર ને અધોળ; મણ ને અઢીશેરી; કળશી ને મણ; ગદીઆણો ને વાલ. ફરો ને પાયલી; ઔંસ ને ડ્રામ (એવ] પૌંડ ને ઔંસ (એવ) ગુંઠો ને ચોરસ આના; પૌંડ ને ૦ાા ઔંસ (દવાનું); માઇલ ને ૦ાા ફર્લાંગ,

ભારે એકમ ઉપરથી હલકા એકમની કિંમત—

૧) રૂપીઆ જેટલા આના. ૨) આના જેટલાજ ઉપઆના.

૩) પૌંડથી ૧ા ગણા શિલિંગ. ૪) શિલિંગથી પોણા પેન્સ.

હલકા એકમ ઉપરથી ભારે એકમની કિંમત—

૧) આના જેટલા રૂપીઆ,

૨) પૈસાથી ૪ ગણા આના અથવા પૈસાથી ૦ા ગણા રૂપીઆ

૩) ફાર્થિંગથી ૪ ગણા પેન્સ.

૧૬ના ગુણોત્તરનાં લેખાંની કુંચીનો

૧) જેટલે રૂપીએ શેર તેટલાજ આનાનું અધોળ.

૨) જેટલે રૂપીએ કળશી તેટલાજ આનાનું મણ.

૩) જેટલે રૂપીએ ગદિઆણો તેટલાજ આનાનું વાલ.

૪) જેટલે રૂપીએ મણ તેટલાજ આનાનું ૨ાા શેર.

૫) જેટલે રૂપીએ કાવડો તેટલાજ આનાનું ૧૨ાા શેર.

૬) જેટલે રૂપીએ નાનો હારો તેટલાજ આનાનું ૧૭ાા શેર.

૭) જેટલે રૂપીએ માણી તેટલાજ આનાનું ૦ાા મણ.

૮) જેટલે રૂપીએ ડઝન તેટલાજ આનાનું ાા નંગ
૯) જેટલે રૂપીએ ગ્રોસ તેટલાજ આનાનું ાા ડઝન.
૧૦) જેટલે રૂપીએ ખાંડી તેટલાજ આનાનું ૧ા મણ.
૧૧) જેટલે રૂપીએ કુંડી તેટલાજ આનાનું ૧ા નંગ.
૧૨) જેટલે રૂપીએ રીમ તેટલાજ આનાનો ૧ા ધા.
૧૩) જેટલે રૂપીએ ભાર તેટલાજ આનાનું ૧ા મણ.
૧૪) જેટલે રૂપીએ ગજ તેટલાજ આનાનું ૧ા તસુ.
૧૫) જેટલે રૂપીએ બેડીઉં તેટલાજ આનાનું ૨ મણ
૧૬) જેટલે રૂપીએ તોલો તેટલાજ આનાનું ૨ વાલ.
૧૭) જેટલે રૂપીએ મોટોહારો તેટલાજ આનાનું ૧ા મણ ૨ાા શેર
૧૮) જેટલે રૂપીએ ગાંસી તેટલાજ આનાનું ૧ાાા મણ ૫ શેર
૧૯) જેટલે રૂપીએ સેંકડો તેટલાજ આનાનું ૬ા નંગ.
૨૦) જેટલે રૂપીએ હજાર તેટલાજ આનાનું ૬૨ાા નંગ.
૨૧) જેટલે રૂપીએ શેર તેટલાજ ઉપઆનાનું અધોળ.

આ મુજબ ઉપલી કુંચીઓ માટે સમજવું.

મનોયત્ન ૫.

૧) શેરના રૂ. ૪ાા તો અધોળનું શું ?
૨) મણના રૂ. ૪ાા તો ૨ાા શેરનું શું ?
૩) મણના રૂ. ૫ા તો ૨ાા શેરનું શું ?
૪) મણના રૂ. ાાા તો કળશીનું શું ?
૫) રૂ. ૧૨ાા કળશી તો ૨ા મણનું શું ?
૬) રૂ. ૧૪ાાનું ાા તોલો તો ૪ાા વાલનું શું ?

૭) રૂ. ૧)≡ નું વાલ તો ગદિઆણાનું શું ?

૮) ૦ા તોલાના રૂ. ૧૩ાા તો ૨ વાલનું શું ?

૯) ૩ા પૈસાનું અધોળ તો શેરનું શું ?

૧૦) રૂ. ૧૭ા ખાંડી તો ૩ મણનું શું ?

૧૧) એક એકર જમીનનું ગણોત રૂ. ૨ા તો રૂ. ૦ા≡ કેટલી જમીનનું ગણોત આવે ?

૧૨) ૧ા કળશીના રૂ. ૪૨ા તો ૧ા મણનું શું ?

૧૩) રૂ. ૧ાા શેર તો ૯ અધોળનું શુ ?

૧૪) રૂ. ૧૩ાાનું મણ તો ૩ અઢીશેરીનું શું ?

૧૫) રૂ. ૯ા= નું મણ તો ૧ા મણ ૨ા શેરનું શું ?

૧૬) ૨ા શેરના ૩ પૈસા તો મણનું શું ?

૧૭) રૂ. ૧૫ાા= ગદિઆણો તો ૨ા વાલનું શું ?

૧૮) રૂ. ૫૬ાા= કળશી તો મણનું શું ?

૧૯) ૨ા શેરના રૂ. ૦)≡ તો ૨ા મણનું શું ?

૨૦) રૂ. ૧૧ાા= ગદિઆણો ૭ાાૃ વાલ ૦ાા રતીનું શું ?

૨૧) રૂ. ૦)≡ા નું અધોળ તો રૂ. ૦ાા≡ નું કેટલું ?

૨૨) રૂ. ૧)નું ૧ા શેર તો રૂ. ૦)-નું કેટલું ?

૨૩) ૨ા શેરનો રૂ. ૦ા≡ તો શેર ૭)નું શું ?

૨૪) ૩ા અધોળનો રૂ. ૦)- તો શેર ૭ નું શું ?

૨૫) પૈસાનું ૧ાા શેર તો ૦ા મણ ૧ શેરનું શું

૨૬) રૂ. ૧)નું ૦ા મણ તો ૨ા શેર શું ?

૨૭) રૂ. ૩)નું ૨ા મણ તો ૬ા શેરનું શું ?

૨૮) ૨ા શેરનો એક પૈસો તો ૯ા મણનું શું ?

૨૯) રૂ. ૦)–॥નું ૨॥ શેર તો રૂ. ૨ાનું કેટલું ?
૩૦) રૂ. ૨॥। ગદિઆણો તો ૪॥ વાલનું શું ?
૩૧) રૂ. ૦)≡॥નું ૩॥ શેર તો ૧ા મણ ૬ શેરનું શું ?
૩૨) પાયલીના રૂ. ૦)=ા તો ફરાનું શું ?
૩૩) રૂ. ૨૨૭॥ એકર જમીન તો ૭ ગુંઠા જમીનનું શું ?
૩૪) રૂ. ૧॥–નું ૧ા શેર તો અધોળનું શું ?
૩૫) રૂ. ૧૫॥≈નું ૧॥ મણ તો રૂ. ૩॥≈માં કેટલું આવે ?
૩૬) ૨ પૈસાનું ૨॥ શેર તો રૂ. ૧॥–નું કેટલું ?
૩૭) ૨ા પૈસાનું શેર તો રૂ. ૫॥≈નું કેટલું ?
૩૮) ફરાના રૂ. ૩॥≡ તો ૩ા પાયલીનું શું ?
૩૯) રૂ. ૯૩॥ ખાંડી તો ૧ા મણનું શું ?
૪૦) રૂ. ૬૩॥ બેડીઉ તો ૨ મણનું શું ?
૪૧) રૂ. ૧૦૫) ગાલ્લી તો ૧॥ મણ ૫ શેરનું શું ?
૪૨) રૂ. ૨૩॥≈ ભાર તો ૧॥ મણનું શું ?
૪૩) રૂ. ૨૧ા≈ ગજ તો ૧ા તસુનું શું ?
૪૪) ૪॥ તસુના રૂ. ૦॥–॥ તો ૩ ગજનું શું ?
૪૫) ૨ વાલના રૂ. ૦॥≈॥ તો તોલાનું શું ?
૪૬) રૂ. ૦)≈ના ૫ નંગ તો ૮૦ નંગનું શું ?
૪૭) ૧૨૫ નળીઆનાં રૂ. ૨॥≈ તો બે હજારનું શું
૪૮) રૂ. ૧૨॥ ગ્રોસ તો ૯ નંગનું શું ?
૪૯) રૂ. ૪૩) ગાશી તો રૂ. ૨॥≡નું કેટલું ?
૫૦) રૂ. ૨૩॥ હજાર તો રૂ. ૧≡॥ના કેટલા નંગ ?
૫૧) રૂ. ૩૨ાનું ૧ા ખાંડી ૧॥ મણ ૨॥ શેરનું શું ?

૫૨) ડઝનનો રૂ. ૦ાાા તો રૂ. ૦)ના કેટલા નંગ ?
૫૩) રૂ. ૧૦૦)નું વ્યાજ રૂ. ૫) મળે તો રૂ. ૬ાનું કેટલું મળશે ?
૫૪) ૨ાા મણના રૂ. ૬ાાન્ના તો ૨ ખાંડીનું શું ?
૫૫) રૂ. ૩૫)નું વ્યાજ રૂ. ૦)ૹ તો રૂ. ૫૬૦)નું કેટલું ?

૩૨ ગુણોત્તર આવે એવાં કોષ્ટકો.

તોલો ને વાલ, એડીઉ ને મણ; ટ્રાય પૌંડ ને રૂપીઆભાર; બુશલ ને ક્વાર્ટર; ક્વાર્ટર ને પેક; મણ ને સવાશેરી; કળશી ને અધમણીઓ; શેર ને સવા રૂપીઆભાર.

ભારે એકમપરથી હલકા એકમની કિંમત.

૧) રૂપીઆથી અડધા આના. ૨) આનાથી અડધા ઉપઆના
૩) પૌંડથી ૭ાા ગણા પેન્સ. ૪) શિલિંગથી દોઢ ગણા ફ્રાર્થિંગ.

હલકા એકમ ઉપરથી ભારે એકમની કિંમત—

૧) આનાથી બમણા રૂપીઆ. ૨) પૈસાથી અડધા રૂપીઆ.
૩) ફ્રાર્થિંગથી ૮ ગણા પેન્સ.

મનોયત્ન ૬.

૧) રૂ. ૩ાા મણ તો ૧ા શેરનું શું આપવું ?
૨) રૂ. ૨૫) મણ તો ૧ા શેરનું શું ?
૩) રૂ. ૧૬ાાન્ન એડીઉ તો મણનું શું ?
૪) રૂ. ૩૬) તોલો ૧ વાલનું શું ?
૫) રૂ. ૨૫ાાા તોલો તો ૭ વાલનું શું ?
૬) રૂ. ૨૪ા કળશી તો ૦ાા મણનું શું ?
૭) ૦ાા મણના રૂ. ૨ાાન્ના તો કળશીનું શું ?

૮) રૂ. ૫પા બેડીઉં તો રૂ. ૧૦ા≈ાનું કેટલું ?
૯) રૂ. ૦ા~નું વાલ તો રૂ. ૯ા~નું કેટલું ?
૧૦) ૭ પૈસાનું ૧૧ શેર તો મણનું શું ?
૧૧) રૂ. ૨૭ા તોલો તો ૭ વાલ ૨ા રતીનું શું ?
૧૨) રૂ. ૧ા~નું ૨ વાલ તો તોલાનું શું ?
૧૩) રૂ. ૨૧ાનું મણ તો ૩૮ાા શેરનું શું ?
૧૪) ૧ા શેરના રૂ. ૦)≈ા તો મણનું શું ?
૧૫) રૂ. ૩૨ા≈ તોલો તો રૂ. ૮)≈ાનું કેટલું ?
૧૬) રૂ. ૦ા≈નું ૨ વાલ તો ૪ ગદિઆણાનું શું ?
૧૭) વાલનો રૂ. ૦ાા તો રૂ. ૧૨)માં કેટલું આવે ?
૧૮) ૩ પૈસાનું ૧૧ શેર તો રૂ. ૩ાાનું કેટલું ?
૧૯) વાલના રૂ. ૦)≈ા તો ૧ા ગ. ૭ા વાલ ૧ા રતીનું શું ?
૨૦) રૂ. ૨૩ાા≈ મણ તો ૭ા શેરનું શું આપવું ?
૨૧) ૦ા મણના રૂ. ૦)≈ાા ૦ા કળથીનું શું ?
૨૨) રૂ. ૧૮ાા મણ તો રૂ. ૦ા≈નું કેટલું ?
૨૩) ૨ા શેરનો રૂ. ૦)~ તો ૪ા મણનું ?
૨૪) રૂ. ૦)≈ાાનું ૧ા મણ તો ૧ા બેડીઆનું શું ?
૨૫) રૂ. ૨૫ા તોલો તો રૂ. ૩ાા≈ાનું કેટલું ?
૨૬) રૂ. ૦ા≈નું ૨૦ શેર તો ૧ ગાલ્લી ૨ મણનું શું ?
૨૭) ઘડીના રૂ. ૨ા તો ૧ા શેરનું શું ?
૨૮) રૂ. ૨૬૨ા વીંઘુ તો ૪૨ા કાઠીનું શું ?
૨૯) હજારના રૂ. ૧૫) તો રૂ. ૦ા≈ાના કેટલા નંગ ?
૩૦) ગાલ્લીના રૂ. ૫૪ા તો ૦ાા મણ ૭ા શેરનું શું ?

૩૧) રૂ. ૨૬॥= માણી તો ૧૫ શેરનું શું ?
૩૨) રૂ. ૨॥= ગજ તો ૦॥ તસુનું શું ?
૩૩) ૨૫ શેરના રૂ. ૧)॥ તો ખાંડીનો ભાવ શો ?
૩૪) રૂ. ૦।~ના ૩૧ નંગ તો હજારનું શું ?
૩૫) રૂ. ૦॥નું ૩૭॥ શેર તો રૂ. ૨૪)નું કેટલું ?
૩૬) ૭॥ શેરના રૂ. ૦॥ તો ૬। મણનું શું ?
૩૭) રૂ. ૨। શેર તો ધડીનું શું ?
૩૮) રૂ. ૩)=નું વ્યાજ રૂ. ૦)॥ થયું તો રૂ. ૧૦૦)નું કેટલું ?

૬૪ ગુણોત્તર આવે એવાં કોષ્ટકો.

ફરો ને શેર, કળશી ને દસશેર; બેડીઉં ને અધમણીઓ; તોલો ને ૦॥ વાલ, મણ ને શેર ૦॥=; માઇલ ને પોલ.

ભારે એકમ ઉપરથી હલકા એકમની કિંમત:—

૧) રૂપીઆ જેટલાજ પૈસા અથવા રૂા.થી ૦। ગણા આના.
૨) આનાની ૦। ગણા ઉપઆના, ૩) પૌંડથી ૩॥ ગણા પેન્સ.
૪) શિલિંગથી ૦॥ ગણા ફાર્ધિંગ.

હલકા એકમ ઉપરથી ભારે એકમની કિંમત:—

૧) આનાથી ચોગણા રૂપીઆ. ૨) પૈસા જેટલાજ રૂપીઆ.
૩) ફાર્ધિંગથી ૧૬ ગણા પેન્સ.

મનોયત્ન ૭

૧) રૂ. ૧૯૨) બેડીઉં તો ૦॥ મણનું શું ?
૨) ૦॥ મણના રૂ. ૨॥ તો બેડીઆનું શું ?
૩) ૫ ડઝન ૪ નંગના રૂ. ૭॥ તો ૨ નંગનું શું ?

૪) રૂ. ૨૫॥≈ કળશી તો ૧॥ મણનું શું ?
૫) રૂ. ०॥≈નું ०॥ મણ તો બેઠીઆનું શું ?
૬) રૂ. ૭૫॥ કળશી તો રૂ. ૭૦નું કેટલું ?
૭) ૧૦ શેરના ૪ પૈસા તો બેઠીઆનું શું ?
૮) ૨ પાઈનું વાલ તો રૂ. ०નું કેટલું ?
૯) રૂ. ૧)નું ૨॥ વાલ તો ૫ તોલાનું શું ?
૧૦) પૈસાનું ०॥ શેર તો ०। બેઠીઆનું શું ?
